ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

નાતાલ પર્વની ઉજવણી - ખ્રિસ્તી નૂતન વર્ષના આગમન પહેલા ઉજવાતા ક્રિસમસની ઉજવણીમાં ગાંધીનગર ઉલ્લાસભેર સામેલ થયું છે. પ્રેમનો સંદેશ પાઠવનાર ભગવાન ઈસુના જન્મદિનને વધાવવા માટે ખ્રિસ્તી પરિવારોની સાથોસાથ સૌ કોઈ જોડાયા છે. ક્રિસમસની ઉજવણીના પાવન અવસરે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ચર્ચને શણગારવામાં આવ્યા છે. રંગબેરંગી રોશનીથી ચર્ચ ઝળહળી ઉઠ્યા છે. ક્રિસમસ ટ્રી, લાઈટ્સ અને રંગબેરંગી ફુગ્ગાઓની સજાવટ આકર્ષક લાગી રહી છે. ખ્રિસ્તી પરિવારોએ ચર્ચમાં જઈ વિશેષ પ્રાર્થનામાં ભાગ લીધો હતો. તે પછી એકબીજાના ઘરે જઈ મિત્રો, સગા-સંબંધીઓને ભેટ આપી ક્રિસમસની શુભેચ્છાઓ પાઠવી હતી. ખાસ કરીને બાળકોએ નાતાલની ઉજવણીમાં ઉલ્લાસભેર ભાગ લીધો હતો. બાળકોના પ્રિય એવા શાન્તાક્લોઝના વસ્ત્રોનું વેચાણ વધ્યું હતું. શાન્તાક્લોઝને મળવા અને તેમની સાથે ફોટો પડાવવા બાળકો ઉત્સુક જોવા મળ્યા હતા. શહેરના ઘણા સ્થળોએ નાતાલની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.

સે-૩ માં વધતા દબાણો વચ્ચે રખડતા ઢોરની સમસ્યા વધુ વિકરાળ બની

રખડતા ઢોરની સંખ્યા વધતા સ્થાનિકોમાં ભય : નીલગાય પણ ફરતી રહેતા ગમે ત્યારે માર્ગ અકસ્માતની દહેશત : કોર્પોરેશનના તંત્રએ ઢોર પકડવાની કામગીરી લાંબા સમયથી બંધ કરી દીધી હોવાનો રોષ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યાનો અંત આવતો નથી સેકટરોમાં અગાઉ ઢોર પકડવા માટે નાટકીય ઝુંબેશ હાથ ધરવામાં આવતી હતી જો કે છેલ્લા કેટલાક સમયથી રખડતા ઢોર પકડવાની કામગીરી પણ મહાનગરપાલિકા કક્ષાએથી કરવામાં આવી નથી. જયારે હાલ સે-૩ માં રખડતા ઢોર વધતા સ્થાનિકોમાં પણ ભય પ્રવર્તયો છે.સેકટરોમાં એકબાજુ ચારેકોર માર્ગો પર ખોદાણ કરી દેવાયુ છે. ત્યારે સેકટરોની સોસાયટીમાં જવા માટે રસ્તો શોધવો પડે તેવી સ્થિતિ છે. ત્યારે રખડતા ઢોર સહીત નીલગાય પણ સેકટરોના રીંગ રોડ પર દોડતી નજરે પડે છે. આવા સંજોગોમાં પૈડા પરની જિન્દગી જોખમાઇ છે. સેકટરવાસીઓએ ઢોર પકડવા માટે ત્વરિત ઝુંબેશ હાથ ધરવા માટે પ્રબળ માંગ કરી છે.

શહેરમાં છેલ્લા ઘણાં સમયથી રખડતા ઢોરની સમસ્યા જટીલ બની છે. સેકટરોના રીંગ રોડ અને આંતરિક વિસ્તારમાં નજર નાંખો ત્યાં રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોના કોમન ચોકમાં ગંદકી જોવા મળે છે. જયારે રીંગ રોડ પર નીલગાય પણ ફરતી રહેતા માર્ગ સલામતી સામે જોખમ વધ્યુ છે. શહેરના સે-૩ માં છેલ્લા કેટલાક દિવસોથી રખડતા ઢોર વધી જતા

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં એક સપ્તાહમાં ૩ હજાર હેકટરમાં રવિ સીઝનનું વાવેતર વધ્યું

રવી સીઝન દરમ્યાન ખેડૂતોએ પાક પેટર્નમાં બહુ બદલાવ કર્યો નથી : વાવણી છેલ્લા તબક્કામાં

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર છેલ્લા એક સપ્તાહમાં ત્રણ હજાર હેકટર જેટલું વધ્યું છે. જિલ્લામાં આ સપ્તાહને અંતે ૮૪,૪૫૭ હેકટરમાં વાવેતર સંપન્ન થયું છે.

જિલ્લામાં આ રવી સીઝન દરમ્યાન ખેડૂતોએ પાક પેટર્નમાં બહુ બદલાવ કર્યો નથી અને પરંપરાગત ખેતી પર ધ્યાન વધુ કેન્દ્રીત કર્યું છે. આ વખતે રવિ સીઝનમાં ઘઉંનું વાવેતર ૩૧૦૩૦ હેકટરમાં થયું છે. જો કે હજુ આ પાકના વાવેતર વિસ્તારમાં વધારો થવાની સંભાવના હોવાનું ખેડૂતોનું કહેવું છે. જિલ્લામાં ઘઉંનું વાવેતર ગાંધીનગર તાલુકામાં સૌથી વધુ ૧૦,૭૬૩ હેકટરમાં થયું છે. આ પછી દહેગામમાં ૭,૫૩૯ હેકટરમાં, કલોલમાં ૬,૯૭૬ હેકટરમાં અને માણસામાં ૫૭૫૨ હેકટરમાં થયું છે.

ચણાનું વાવેતર ૧૦૮૫ હેકટરમાં નોંધાયું છે. દહેગામમાં ૫૦૧, ગાંધીનગરમાં ૧૬૦, કલોલમાં ૧૫, માણસામાં ૪૧૦ હેકટરમાં વાવેતર થયું છે. રાઈનું વાવેતર ૧૫૭૯ હેકટરમાં નોંધાયું છે. તમાકુનું વાવેતર ૪૪૨૦ હેકટરમાં નોંધાયું છે. જેમાં માણસા તાલુકામાં ૩૫૯૭ હેકટરમાં, દહેગામમાં ૩૫૧ હેકટરમાં, ગાંધીનગરમાં ૩૫૦ હેકટરમાં અને કલોલમાં ૧૨ હેકટરમાં થયું છે.

વરીયાળીનું વાવેતર બે તાલુકામાં જ નોંધાયું છે. દહેગામમાં ૭૪૦ હેકટર અને માણસામાં ૨૪૯ હેકટર મળી કુલ ૯૮૯ હેકટર વિસ્તારમાં વાવેતર થયું છે. જિલ્લામાં બટાટાનું વાવેતર ગાંધીનગરમાં ૬૪૦૦ હેકટરમાં, દહેગામમાં ૫૩૪૭ હેકટરમાં, માણસામાં ૩૧૩૪ હેકટરમાં અને કલોલમાં ૮૧ હેકટરમાં નોંધાયું છે.

શાકભાજીનું વાવેતર દહેગામમાં ૩૧૪૮ હેકટરમાં, ગાંધીનગરમાં ૨૮૩૧ હેકટરમાં, કલોલમાં ૫૧૮ હેકટરમાં તો માણસામાં ૨૨૨૩ હેકટર મળી કુલ ૮૭૨૨ હેકટરમાં નોંધાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

સતત ત્રીજા દિવસે ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશનને મામલે ઉદાસીનતા

જોકે છેલ્લા સાત દિવસતી શહેર - જિલ્લામાં એકપણ કેસ કોરોનાનો નોંધાયો નથી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિ્તારમાં સતત ત્રીજે દિવસે પણ કોરોના પ્રિકોશન ડોઝ વેક્સિનેશન માટે કોઈ ન આવતાં તંત્રની ચિંતા વધી છે. શહેરમાં પણ આજે માત્ર ૫૭ લોકોને જ આવરી લેવામાં આવ્યા છે.

કોરોનાના નવા વેરિયન્ટને લઈ વેક્સિનેશન અભિયાન પર કેન્દ્ર અને રાજ્ય સરકાર ળભાર મૂકી રહી છે પરંતુ શહેર - જિલ્લામાં જે રીતે મોળો પ્રતિસાદ સાંપડી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

જોકે છેલ્લા સાત દિવસતી શહેર - જિલ્લામાં એકપણ કેસ કોરોનાનો નોંધાયો નથી. ડિસેમ્બર મહિનામાં ગ્રામ્ય વિસ્તારમાં એક પણ કેસ નોંધાયો નથી જ્યારે શહેરમાં છુટા છવાયા બે કેસ નોંધાયા છે.

શહેર - જિલ્લામાં કોરોનાના કેસો જે નોંધાયા તે પણ હળવા લક્ષણો ધરાવતા નોંધાયા છે અને હોમ આઈસોલેશનમાં જ સારવારથી સાજા પણ થઈ ગયા છે.

શહેર - જિલ્લામાં કેસો મળ્યા નથી પરંતુ લોકોને સતર્ક રહેવા તંત્રએ જનજાગૃતિ અભિયાનનો આરંભ કરી દીધો છે.

તંત્રએ ટેસ્ટીંગમાં પણ વધારો કરવાની સૂચનાઓ આપી છે. જિલ્લામાં સરેરાશ ૫૦૦ જેટલા ટેસ્ટ હાલ કરવામાં આવી રહી છે. જિલ્લામાં હાલ સંક્રમણનો કોઈ ભય નહિ હોવાનું તંત્રના અંતરંગ સૂત્રો કરી રહ્યા છે.

જિલ્લાની ૧૨૦ પ્રા.શાળાના ચાર હજાર જેટલા બાળકોને એચિવમેન્ટ સર્વે હેઠળ આવરી લેવાયા

ધો.૪, ૫ અને ૭ના બાળકોને આવરી લેવામાં આવ્યા : આ સર્ટી.ના તારણોને આધારે શિક્ષણ સુધારણા અભિયાન યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાની ૧૨૦ શાળાઓમાં ગુજરાત એચિવમેન્ટ સર્વે કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાની ૧૨૦ શાળાના અંદાજે ચાર હજાર જેટલા બાળકોને આવરી લેવામાં આવ્યા હતા. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા નેશનલ એચિવમેન્ટની પેટર્ન ઉપર આ સર્વે યોજવામાં આવે છે અને તેમાં દરેક તાલુકાની ૩૦-૩૦ શાળાઓની પસંદગી કરવામાં આવે છે.

ધો.૪, ૫ અને ૭ના બાળકોને આ સર્વેમાં આવરી લેવામાં આવ્યા હતા. ઓ.એમ.આર.શીટની મદદથી આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ સર્વેનું એનાલીસીસ તૈયાર કરી શિક્ષણમાં કયા તાલુકામાં કયા વિષયોમાં બાળકો નબળા છે તેની સુધારણા માટેનું અભિયાન હાથ ધરવામાં આવશે.

મળતી માહિતી પ્રમાણે ધો.૪ના બાળકોને ૪૫ જેટલા પ્રશ્નો ગુજરાતી, ગણિત અને પર્યાવરણને લગતા પુછાયા હતા. તો ધો.૫ અને ૭ના બાળકોને ગુજરાતી, ગણિત, વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનને આવરી લેતાં ૬૦-૬૦ જેટલા પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

આ સર્વેની સઘળી જવાબદારી જીસીઈઆરટી હેઠળ ચાલતી ડાયેટ સંસ્થાના તજજ્ઞો દ્વારા સંભાળવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં સવારે બર્ફીલી ઠંડી અને ભારે પવનથી નગરજનો ઠુંઠવાયા

લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડીગ્રી : ગઇકાલની સાપેક્ષમાં ઠંડીનુ જોર થોડુ ઘટયુ : દિવસનુ તાપમાન ૨૬ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ

ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીનો મિજાજ ઉગ્ર બનતા ગઈકાલે સિઝનની સૌથી વધુ ઠંડી નોંધાઇ હતી એક જ રાતમાં ઠંડીનો પારો ૫ ડીગ્રી નીચે ઉતરી જતા ગાંધીનગર ઠંડુગાર બની ગયુ હતુ. જયારે બર્ફિલી ઠંડી સાથે પવનનુ જોર પણ વધુ રહેતા નગરજનો આકરા કોલ્ડવેવથી બચવા માટે ઘરમાં પુરાયેલા રહે છે. ગઈકાલે કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરમાં રાત્રિના સમયે સુનકાર જોવા મળ્યો હતો. જયારે આજે ઠંડીનુ જોર ઘટી ગયુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનો પારો ૨.૫ ડીગ્રી ઉંચકાયો હતો અલબત્ત ઠંડી ઘટી હતી જો કે વહેલી સવારથી જ પવનનુ જોર વધુ રહેતા નગરજનોએ કોલ્ડવેવથી બચવા સવારે મોડા સુધી ઘરના બારી દરવાજા બંધ રાખ્યા હતા. આજે લઘુત્તમ તાપમાન ૧૧.૨ ડીગ્રી રહ્યુ હતુ. જો કે મહત્તમ તાપમાનમાં ગઈકાલની જેમ ગિરાવટ આવી હતી અલબત્ત ઠંડા પવન વચ્ચે દિવસે પણ સેકટરવાસીઓએ ઠંડક અનુભવી હતી.

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસથી ઠંડીની મોસમે જમાવટ કરી છે. ડિસેમ્બર મહીનો પુરો થવા આવ્યો છતા શહેરમાં ઠંડીનો ચમકારો ન વર્તાતા નગરજનો માટે મોસમનો વિચિત્ર મિજાજ ટોક ઓફ ધ ટાઉન બન્યો હતો. જો કે છેલ્લા પાંચ દિવસથી ઠંડીનો પારો ગગડવાની શરૂઆત થતા લઘુત્તમ તાપમાન ૧૮ થી ૨૦ ડીગ્રીથી ગગડીને ગઈકાલે ૮.૭ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ હતુ અગાઉ ઠંડીનો પારો ૧૦. ૩ ડીગ્રી સુધી પહોંચ્યો હતો જયારે લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાં પહોંચી જતા નગરજનોએ કાતિલ ઠંડીનો અહેસાસ કર્યો હતો. બીજીતરફ મહત્તમ તાપમાનમાં પણ ઠંડીની જેમ નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ગત સપ્તાહ સુધી મહત્તમ તાપમાન ૩૨ થી ૩૩ ડીગ્રીની આસપાસ રહેતા નગરજનો દિવસે ઉનાળા જેવી આકરી ગરમી અનુભવતા હતા જયારે છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં પણ ૬ થી ૭ ડીગ્રીનો ઘટાડો થયો છે. જેના લીધે હવે દિવસે ગરમી અનુભવાતી નથી જયારે ઠંડી વધતા શિયાળાની મોસમ જામી છે. ગઈકાલે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના અંતે આજે લઘુત્તમ તાપમાનમાં ૨.૫ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો અલબત્ત ઠંડીનુ જોર થોડુ ઘટી ગયુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં સુશાસન દિવસની ઉજવણી

રાજયના પ્રત્યેક નાગરિકને સરકારી યોજનાઓના લાભો સત્વરે પૂરા પાડવા એ જ અમારી પ્રાથમિકતાઃ પ્રજાની તમામ આશા-અપેક્ષાઓ પૂરી કરવાની નેમઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે, દરેક વ્યક્તિને સરળતાથી સરકારી સેવાઓના લાભ મળે તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે અને રહેશે જ. નાગરીકોની આશાઓ-અપેક્ષાઓનો અવાજ સાંભળી તેમની સમસ્યાઓ નિવારવા સરકાર પ્રજાની પડખે છે એવો ભાવ દરેક વ્યક્તિને જાગે તે જ સરકારની સફળતા અને ગુડ ગર્વનન્સ-સુશાસન છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલેભારત રત્ન અને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વર્ગીય શ્રી અટલ બિહારી વાજપેયીજીની સ્મૃતિમાં ગુડ ગવર્નન્સ ડે-સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે ગાંધીનગર ખાતેથી આજે ગુડ ગવર્નન્સના ઈનિશીએટીવના ભાગરૂપે વિવિધ વિભાગોના ૧૨ જેટલા પોર્ટલનું લોન્ચીંગ કર્યું હતું.

તેમણે ઉમેર્યું કે, સુશાસન અને ઈ-ગવર્નન્સ એ કોઈ વ્યકિતથી નહી પણ ટીમ સ્પીરીટ અને ટીમ વર્કથી જ આવી શકે છે. ગુજરાતમાં સરકારી અધિકારી-કર્મીઓમાં આજે કર્મયોગનો ભાવ જાગ્યો છે "મારું શું" અને "મારે શું" એ માનસિકતામાંથી હવે "મારું છે" અને "મારે જ કરવાનું છે"ની ભાવના વિકસી છે. જેના પરિણામે રાજયના નાગરિકોની પણ અપેક્ષાઓ વધી છે ત્યારે નાના માણસોના કામ પણ સરળતાથી થાય અને સરકારી અધિકારી કર્મીઓ સારી રીતે સાંભળે એવી વ્યવસ્થા ગોઠવવા મુખ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે, રાજ્ય સરકારે ગુડ ગવર્નન્સને પ્રાધાન્ય આપ્યું છે એટલે જ લોકોનો વિશ્વાસ આપણા પર વધ્યો છે. એને ટકાવી રાખવા માટે આપણે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છીએ ત્યારે આપણે વધુને વધુ લોકોનો સંપર્ક કરીએ અને કચેરીએ આવતા સામાન્ય નાગરિકને સાંભળી જે કામ નીતિ નિયમોનુસાર ન થાય એવા હોય તેવા સંજોગોમાં ઉપરી અધિકારીનો સંપર્ક કરાવી એનો વિશ્વાસ સરકાર પ્રત્યે જળવાઈ રહે એવા સંનિષ્ઠ પ્રયાસો કરવા ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

આકરી ઠંડીના દિવસોમાં પાણી અને વીજ વપરાશમાં ઘટાડો

કાતિલ ઠંડીમાં પ્રતિદિન ૪૫ એમ એલ ડી પાણીનો વપરાશ : વીજ વપરાશ મા પણ ૧૦થી ૧૫મેગાવોટનો ઘટાડો

ગાંધીનગર તા ૨૫

ઉનાળાના દિવસોમાં અહીં પાણીની બૂમરાણ સામાન્ય બની જાય છે. તમામ સેકટરના દબાણથી પાણી મળે તે માટે હવે ૨૪ કલાક પાણીની યોજના હાથ ધરાઈ છે. આકરી ગરમીના દિવસોમાં સૌથી વધુ પાણી વપરાય છે હાલ ઠંડીના દિવસોમાં પાણીનો વપરાશમા ૩૦ટકાનો ઘટાડો થયો છે જયારે વીજ વપરાશમાં પણ ઘટાડો થયો છે

સમગ્ર દેશમાં પાટનગરમાં માથાદીઠ પાણીનો વધુ જથ્થો આપવામાં આવતો હોવાનું મનાઈ છે પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર ગરમીના દિવસોમાં સ્વભાવિક રીતે જ પાણીનો વપરાશ વધુ હોય છે પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણીના જથ્થાની કોઈ ઘટ નથી. જરૂરિયાત મુજબ પાણી કેનાલ દ્વારા મેળવવામાં આવે છે. જો કે એપ્રિલ મહિનાથી જ પાણીના વપરાશમાં ૧૦ ટકા જેટલો વધારો થઈ જાય છે. ગરમી વધવાની સાથે પાણીનો વપરાશ ૩૦ ટકા જેટલો વધી જાય છે પાણી સંબંધિ ફરિયાદો ટાળવા તથા વપરાશકારોની વધારાની જરૂરતને ધ્યાને રાખીને સવારે એક કલાક વહેલા સપ્લાય આપવામાં આવે છે. જો કે હવે આ સ્થિતિનો અંત આવી ગયો છે.

શહેરમાં ઠંડી વધતા ગરમ વસ્ત્રોની ખરીદી તેજ બની

એકાએક જ આકરી ઠંડી પડતાં વસાહતીઓ ગરમી વસ્ત્રો ખરીદવા બજારમાં ઉમટયા : તીબેટીયન માર્કેટમાં ભીડ દેખાઈ

ગાંધીનગર, તા.૨૫

શહેરમાં એકાએક જ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહયો છે. અચાનક જ ઠંડી વધતાં ગરમ વસ્ત્રોના વેચાણમાં વધારો જોવા મળ્યો છે. તિબેટીયન માર્કેટમાં અને બજારમાં ગરમ વસ્ત્રો ખરીદવા વસાહતીઓની ભીડ જોવા મળી રહી છે. બ્લેન્કેટની ખરીદી પણ થઈ રહી છે.

ડીસેમ્બર મહીનાના પ્રથમ પખવાડીયામાં હુંફાળુ વાતાવરણ અનુભવાયા બાદ અચાનક જ જાણે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. વાતાવરણ પલટાતાં લઘુત્તમ તાપમાન ગગડી ગયું છે. લઘુત્તમ તાપમાન પાંચ ડિગ્રી જેટલું ગગડીને ૨૦ ડિગ્રીની નીચે આવી ગયું છે. તાપમાનનો પારો ગગડતાં શહેરીજનો ઠંડીમાં ઠુંઠવાઈ રહયા છે. અચાનક જ ઠંડી વધવાની સાથે ગરમ વસ્ત્રોના વેચાણમાં પણ વધારો થયો છે. રવિવારનીરજામાં બજારોમાં વસાહતીઓ ગરમ વસ્ત્રોની ખરીદી કરતાં નજરે ચઢયા હતા. સ્વેટર, શાલ, જેકેટ, બ્લેઝર, ટોપી અને હાથપગના મોજાની ખરીદી વસાહતીઓએ કરી હતી. ખાસ કરીને શાળાએ જતાં નાના બાળકોના ગરમ વસ્ત્રોનું વેચાણ વધ્યું હતું.

ગરમ વસ્ત્રોના વેચાણ માટેના ખાસ તિબેટીયન માર્કેટમાં આજે ભીડ જોવા મળી હતી. નવેમ્બર

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com